ગાંધીનગર સમાચાર

# ગાંધીનગરના તારાપુર ગામે વુમન હેલ્થ કાઉન્સિલિંગનું આયોજન






ગાંધીનગર, તા.૨૮ અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી અને બી આર આઈ, અડાલજ ખાતે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ, અમદાવાદ દ્વારા પ્રાયોજિત ફાર્મસી વીક નું તારીખ ૨૩-૯-૨૦૧૯ થી ૨૭-૯-૨૦૧૯ દરમ્યાન આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે કોલેજ દ્વારા તારીખ - ૨૭-૯-૨૦૧૯ ના રોજ ગાંધીનગર જિલ્લાના તારાપુર ગામે વુમન હેલ્થ કાઉન્સિલિંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ ઉજવણીની મુખ્ય થીમ 'ગામડાની સ્ત્રીઓની પોતાના સ્વાથ્ય પ્રત્યેની જાગૃતિ' રાખવામાં આવી હતી, આ કાર્યક્રમમાં ૮૩ વિધાર્થીનીઓ અને ૩ શિક્ષકો, ડો.અદિતિ બારીયા , કાશ્મીરા દુધાત્રા અને રુચિ ખત્રીના માર્ગદર્શન હેઠળ તારાપુર ગામની સ્ત્રીઓને તેમના સ્વાથ્ય અને ઘરની સ્વચ્છતા જાળવવા અંગે માહિતી આપી હતી. આ ઉપરાંત ગુજરાત સરકારની સામુહિક આરોગય કેન્દ્ર દ્વારા ફાળવવામાં આવતી મફત સેવાઓની પણ જાણકારી આપી હતી, અને એ સેવાઓનો લાભ લઈ પોતાની તંદુરસ્તી જાળવવાની વિનંતી કરી હતી. તારાપુર ગામની સ્ત્રીઓએ પણ ઉત્સાહપૂર્વક અને ભાવપૂર્વક વિધાર્થીઓની આપેલ માહિતીને આવકારી હતી.

## જન્મદિને વધામણી



ડી પી મોદી
મો. ૯૯૦૯૯૩૧૮૨૪



યુગ મિતેશકુમાર શર્મા
મો. ૯૭૨૩૬૧૪૨૮૨




જય વિષ્ણુદાસ સાધુ
મો. ૮૩૨૦૭૩૬૦૯૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# માણસા ચૌધરી સંકુલ ખાતે જિલ્લાકક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન સંપન્ન








માણસા, તા. ૨૮ એમ. જી. ચૌધરી વિદ્યાસંકુલ ખાતે ગાંધીનગર જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (G.C.E.R.T.), જિલ્લા શિક્ષણાધિકારી કચેરી , ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે શ્રી એમ. જી. ચૌધરી વિદ્યાસંકુલ, માણસા ખાતે ગાંધીનગર જિલ્લા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૧૯-૨૦ યોજાઈ ગયું. તાલુકા કક્ષાએ ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ૭૦ શાળાઓની કુલ ૭૨ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. ટકાઉ કૃષિ પદ્ધતિ, સ્વચ્છતા અને સ્વાસ્થ્ય, સંસાધન અને વ્યવસ્થાપન, ઔદ્યોગિક વિકાસ, ભવિષ્યમાં પરિવહન અને પ્રત્યાયન અને શૈક્ષણિક રમતો-ગાણિતીક નમૂના નિર્માણ જેવા વિષયોને સ્પર્શતા વિવિધ પ્રયોગો-નિદર્શનો-પ્રદર્શનો-મોડેલ્સ-ચાર્ટ્સ રજૂ કરવામાં આવ્યા હતા. સમાજજીવનમાં વૈજ્ઞાનિક અભિગમ પ્રસરે, અંધશ્રદ્ધાઓ-વહેમો દૂર થાય અને વિજ્ઞાનસભર દ્રષ્ટિ કેળવાય તેવા શુભાશયથી આયોજિત સદર વિજ્ઞાન-ગણિત પ્રદશનમાં ઉદઘાટક તરીકે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના મેનેજિંગ ડિરેક્ટરશ્રી અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે પિલવાઈ કોલેજના આચાર્ય ડૉ. સંજયભાઈ શાહ તેમજ સમારંભના અધ્યક્ષ સ્થાને અખિલ આંજણા સેવ મંડળના પ્રમુખશ્રી ની અભિપ્રેરક ઉપસ્થિતિ રહી હતી. વિવિધ શાળાના આચાર્યશ્રીઓ, માર્ગદર્શક સારસ્વતશ્રીઓ અને બાળ વૈજ્ઞાનિક એવા અધ્યેતા ભાઈ-બહેનો અને ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જળ સંસાધન બચાવો, પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવો અને ઈકો-ફ્રેન્ડલી અપનાવો ના શુભાશયથી સોજા હાઈસ્કૂલના ગણિત-વિજ્ઞાન શિક્ષકશ્રી રાકેશ પ્રજાપતિના અભિપ્રેરક માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ 'ECO-FRIENDLY EDIBLE WATER BUBBLES" કૃતિએ અનેરું આકર્ષણ જમાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાંર યજમાન શાળાના આચાર્યાશ્રી અને સારસ્વત મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

સમગ્ર કાર્યક્રમ એકંદરે ખૂબ જ સુંદર, સુચારુ, સુવ્યવસ્થિત, સરાહનીય, રોમાંચક, રસપ્રદ, પ્રભાવી, પ્રોત્સાહક, પ્રેરણાદાયી, પ્રશંસનીય, અભિપ્રેરક, આવકાર્ય, અનુકરણીય બની રહ્યો હતોએમ એક અખબારી યાદીમાં રાકેશ પ્રજાપતિ 'રાહી' જણાવે છે.

# કે.કે.પટેલ વિદ્યાલય કોલવડા દ્વારા 'પ્રવાસ'નું આયોજન

ગાંધીનગર,તા. ૨૮ શ્રીમતી કે.કે.પટેલ વિદ્યાલય, કોલવડાથી પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. 'વિશ્વ ટૂરિઝમ ડે'ના દિવસના ઉપક્રમે પોઈચા, 'સ્ટેચ્યૂ ઑફ યુનિટી' પ્રવાસનું આયોજન તા.૨૭.૦૯.૨૦૧૯ ના રોજ કરવામાં આવ્યું હતું. શાળામાંથી ઘણા બધા ઉત્સાહિત વિદ્યાર્થીઓ ગૌરવભર્યા અને ઐતિહાસિક નર્મદા ડેમ અને સ્ટેચ્યૂ ઑફ યુનિટીની મુલાકાત લઈ ખરેખર આનંદિત થયા હતા. શાળાના આચાર્યા મેડમશ્રીના પ્રયત્નથી



પ્રવાસના કન્વીનર શાળાના શિક્ષક નારાયણભાઈ બી પટેલે સમગ્ર પ્રવાસનું આયોજન કર્યું હતું

# સ્કૂલ ઓફ અચિવરમાં 'ક્વિઝ કૉમ્પીટીશન'નું આયોજન






ગાંધીનગર,તા. ૨૮ સ્કૂલ ઓફ અચિવર, કુડાસણ ખાતે તા.૨૮-૯-૨૦૧૯ના રોજ બાળકોની સમજ શક્તિને શ્રેષ્ઠતાના ધોરણે તપાસતી અને તેમનો ઉત્સાહ વધારતી ક્વિઝ કૉમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ધોરણ-૧ થી ૫ ના બાળકોએ જિજ્ઞાસાપૂર્વક ભાગ લઈ કાર્યક્રમની સફળતાને ઉત્કૃષ્ઠકક્ષાએ પહોંચાડી દીધી હતી. જેમાં ચાર રાઉન્ડનાં પ્રશ્નોત્તરી, ચિત્ર નિદર્શન, મ્યૂઝિકલ રાઉન્ડ તથા કોયડા ઉકેલનો સમાવેશ કરવામાં આવ્યો હતો. શાળાના આચાર્યશ્રીએ બાળકોને ઉદ્‌બોધન થકી સ્વયંશિસ્ત તથા તેમના ઉત્સાહમાટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમ સરાહનીય રહ્યો હતો.

# માતૃભાષા અને મારી અનુભતિ

**માતૃભાષા-ચિંતન**
**હર્ષદ પ્ર. શાહ**

**મણકો - ૨૧**

આમ તો હું વિજ્ઞાન-ગણિત વિષયનો સ્નાતક. પણ છેલ્લા ૪૦ વર્ષથી ગુજરાતી ભાષાનો સાધક અને વિદ્યાર્થી છું. વિજ્ઞાનમાં જેમ જેમ ઊંડા ઊતરીએ તેમ તેમ નિત નવાં રહસ્યોનું ઉદ્‌ઘાટન થાય... તેવી રીતે ભાષાવિજ્ઞાનમાં જેમ જેમ ઊંડો ઊતરતો ગયો તેમ તેમ વિશેષ પ્રકારનો આનંદ અને વિશિષ્ટ અનુભૂતિઓ થવા લાગી. પગલે પગલે પંથ ખૂલે તે પ્રત્યેક શબ્દ કંઈ ને કંઈ પ્રકાશ આપતો ગયો. અનેરો આનંદ અનુભવતો ગયો. મારી આવી અનુભૂતિઓને મેં મારા એક પુસ્તક ''મા'ની બોલી સૌથી વ્હાલી' ના પ્રારંભમાં 'આત્મકથન' સ્વરુપે વ્યક્ત કરી છે. તે અહીં આલેખું છું -

'મેં માતૃભાષાને એક નિષ્ઠ પ્રેમ કર્યો...'
અને મને વરદાન મળ્યું અવિરત વિર અભિવ્યક્તિનું !
મેં માતૃભાષાને વંદન કર્યા...
અને મને દર્શન થતા મા શારદાનાં !
મેં માતૃભાષાની સાધના કરી...
અને મને શબ્દોનું શીતળ સાન્નિધ્ય મળ્યું !
મેં માતૃભાષામાં શુદ્ધિનો આગ્રહ સેવ્યો...
અને મને ચિત્તશુદધિનો માર્ગ દેખાયો !
મેં માતૃભાષા સાથે આત્મીય સંબંધ સ્થાપ્યો...
અને મારા ભાવવિશ્વમાં માતા-માતૃભૂમિ વચ્ચે સેતુબંધ રચાયો !
મેં માતૃભાષાને જીવનલક્ષ્ય બનાવ્યું...
'અને એ માર્ગ પર ચાલતાં મને અસંખ્ય પ્રેમી - પથિકો મળ્યા !
.... અને આમ, માતૃભાષા પ્રેમી - સાધકોનો કાફલો રચાયો ગયો.
જય મા ગુર્જરીની -
જય માતૃભાષા ગુજરાતીની -

વળી આ પુસ્તકમાં એક પ્રકરણ 'માતૃભાષાનું ઉપનિષદ' એ શીર્ષકથી લખ્યું છે. તો ચાલો, આપણે એ ઉપનિષદને પણ માણીએ...

માતૃભાષા પ્રત્યે માતા સમાન પ્રેમ અને આદર રાખો,
માતૃભાષા પ્રત્યેનો પ્રેમ વ્યક્તિને આ ધરતી સાથે જોડશે,
રાષ્ટ્રની સંસ્કૃતિ સાથે જોડશે,
પરંપરા અને ઈતિહાસ સાથે જોડશે.
માતૃભાષાનું ગૌરવ વધારો... આપણું જ ગૌરવ વધશે.
માતૃભાષાની અસ્મિતા જાળવો... રાષ્ટ્રનું સ્મિત ટકી રહેશે.
માતૃભાષાની સ્મૃદ્ધિ વધારો... આપણી સમૃદ્ધિ વદશે.
માતૃભાષાને ઉન્નત કરો... આપણી ઉન્નતિ થશે.
માતૃભાષાને પ્રેમ કરો... આપણું જીવન મંગલમય બનશે.

મારો જાત અનુભવ છે કે -

- માતૃભાષાને કારણે અભિવ્યક્તિ સરળ, સચોટ અને સુંદર બને છે.
- માતૃભાષાને કારણે અલ્પશિક્ષિતો કે અભણ લોકો સાથે પણ સંવાદ સરળતાથી થઈ શકે છે અને સંવાદિતા વધે છે.
- માતૃભાષાને કારણે લોકસંસ્કૃતિ, લોકગીતો અને પ્રાદેશિક વ્યવહાર સાથેનો સંબંધ ઘનિષ્ઠ બને છે.
- ગ્રહણશક્તિ અને વિચારશક્તિ વધે છે.
- બીજી ભાષાઓ સાથે સરળતાથી જોડાણ સાધી શકાય છે.

એક સરક ઉક્તિ ટાંકવાનું મન થાય છે -

માતૃત્વ વાત્સલ્યનું ખળખળ વહેતું
નિર્મળ ઝરણું છે,
દુનિયા ભલેને હોય વૈભવી,
માતા અને માતૃભાષા બાળકનું શરણું છે.

માતૃભાષાના ચિંતન-મનનને કારણે હું સ્પષ્ટપણે એમ માનતો થયો છું કે,

માતૃભાષામાં સમજણ વિકસે છે.
પરભાષામાં ગોખણપટ્ટી વિકસે છે.

આ વિચારને પુષ્ટ કરતી એક વેધક ઉક્તિ -

સમજણ વિનાની સ્માર્ટનેસ રિફીલ વિનાની રૂપાળી બૉલપેન જેવી અને કોમ્પ્રેશર વિનાના એરકન્ડિશન મશીન જેવી હોય છે.

જરા વિચારો, ઈંગ્લેન્ડના કોઈ પરગણામાં ગુજરાતી કે હિન્દી માધ્યમમાં ત્યાંના બાળકોને ભણાવાય તો એમની શી હાલત થાય ? તો પછી અહીંના લોકોને અંગ્રેજી માધ્યમનું જ ઘેલું લાગ્યું છે તેમની અને તેમનાં બાળકોની કેવી કફોડી હાલત થતી હશે ?

હું તો એવાં અનેક બાળકોની અને એમનાં માતાપિતાની સ્થિતિથી માહિતગાર છું. બારડોલીમાં મેં ૧૯૯૬માં એક વિદ્યાલયની સ્થાપના કરી, જેમાં આજ સુધી ગુજરાતી માધ્યમમાં જ બાળકો ભણ્યાં છે અને ખૂબ આગળ વધ્યાં છે. આ વિદ્યાલયમાં લગભગ દરેક વર્ગમાં પ્રવેશ માટે પ્રતીક્ષાવાદી દર વર્ષે રહી છે. આ જ એ વાતની સાબિતી છે કે જો પૂર્ણ વ્યવસ્થા અને નિષ્ઠા સાથે ગુજરાતી માધ્યમની શાળા ચલાવવામાં આવે તો માબાપની અપેક્ષા પણ સંતોષાય અને અંગ્રેજી માધ્યમ પ્રત્યેની ઘેલછા પણ ઘટે.

પણ કમનસીબે આપણી ગુજરાતી માતાઓ જ ગુજરાતી ભાષાથી દૂર જઈ રહી છે અને દેખાદેખી પોતાનાં બાળકોને ખેંચાઈ-ઘસાઈને પણ અંગ્રેજી શાળામાં મૂકી રહી છે, જેના પરિણામે બિલાડીની ટોપની જેમ અંગ્રેજી શાળાઓ ફૂટી નીકળી છે. આ પ્રક્રિયા બહુ જ નુકશાનકારક સાબિત થવાની છે. બાળકો અને માતાપિતાનું અંતર અમર્યાદપણે વધશે અને સંસ્કાર-સંસ્કૃતિથી પણ બાળકો વંચિત રહેશે.

મારી વ્યથા એ પણ છે કે જે ગતિથી ઘોડિયાઘર વધી રહ્યા છે એનાથી તીવ્ર ગતિથી ઘરડાઘર પણ વધશે. 'ઘ' નામધારી આ બંને આપણા સમાજમાં કલંક છે.

ભારતનો જ્ઞાનવારસો અને સાંસ્કૃતિક વારસો જે સમગ્ર વિશ્વ ઝંખે છે તે આપણે જ ઝંખના નથી. વિશ્વની ઊલટી દિશામાં ચાલવાનું આપણને વધારે ફાવે છે.

આપણી માતાઓ પોતાની માતૃભાષામાં પોતાના બાળકો પાસે સહજપણે અને ભાવપૂર્વક વાતો નથી કરતી અને અંગ્રેજી ભાષામાં બોલવાનો ડોળ અને દંભ કરે છે તે પ્રક્રિયા બાળઉછેરનું અત્યંત હાનિકારક લક્ષણ છે.

બતાવવા માટે જે કરવામાં આવે છે તે છે દંભ, અને વિકાસ માટે જે કરવામાં આવે છે... તે છે દંભ.

આપણે આપણા સમાજને માતૃભાષાની સાધના-તપસ્યા કરવાની પ્રેરણા આપવી પડશે. એને ઢંઢોળવો પડશે, જગાડવો પડશે.

મેં મારા ૬૮ વર્ષના જીવનકાળમાં માતૃભાષા સંદર્ભે અનેક અનુભવો કર્યો છે. આ લેખમાં મેં જેટલી વાતો લખી છે તે અનુભવસિદ્ધ છે. ગુજરાતી ભાષાના પ્રેમીઓએ ખાલી વાતો કરવાને બદલે કે ભાષણો કરવાને બદલે નક્કર કામો હાથ ધરવાની જરૂર છે.

ભાષાપ્રેમની તીવ્રતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ઈઝરાયેલ છે. ભાષાને આધારે એ પ્રજાની અનુભૂતિ જાણવા જેવી છે. અપાર સંઘર્ષમાં પોતાની ભાષાનિષ્ઠાને કારણે તેઓ પોતાની ભાષાને બચાવી શક્યા છે.

મને ભાષા સંદર્ભે જેવી અનુભૂતિઓ થઈ, જેનો ઉલ્લેખ મેં અહીં કર્યો છે એવો ઘણાને અનુભવ થયો હશે... થતો હશે. તમારો પ્રતિભાવ જણાવશો.

*-matrubhasha.gaurav@gmail.com*



સી.એમ. પટેલ કૉલેજ ઓફ નર્સિંગમાં બી.એસ.સી. નર્સિંગના એન.એસ. એસના સ્વયંસેવકો દ્વારા 'વિશ્વ ગર્ભનિરોધક દિવસ' નિમિત્તે લોક જાગૃતિ માટે કાર્યક્રમનુંઆયોજન કરવામાંઆવ્યુંહતું. આ કાર્યક્રમનુંમાર્ગદર્શન એનએસએસના કો-ઓર્ડિનેટર સોયબ ખોખર દ્વારા કરવામાં આવ્યું હતું. નર્સિંગના વિદ્યાર્થીઓએ પોસ્ટર દ્વારા વધતી જતી વસ્તીના વિસ્ફોટને રોકવા માટે લોકોને સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં સમજાવ્યા હતા. આ કાર્યક્રમમાં કૉલેજ પ્રિન્સિપાલ રાજેશ રાવલ પણ ઉપસ્થિત રહ્યા હતા.




વનશ્રી ટ્રસ્ટ અને સિવિલ ડીફેન્સ દ્વારા સેક્ટર-૨૯ ની સરકારી પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાઈ ગયો. રોગચાળો કેવી રીતે અટકાવો. એ પણ કાર્યક્રમ યોજાઈ ગયો. શાળામાં સિવિલ ડિફેન્સ દ્વારા ચોમાસાની ઋતુમાં કઈ રીતે સ્વસ્થ રહી શકાય, સારું આરોગ્ય જાળવીને આપણા રોજિંદા કામમાં ખલેલ ના પહોંચે અને સ્વચ્છતા અને આરોગ્યની જાળવણીની માહિતી આપી હતી. સાથે વનશ્રી ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ફૂલછોડ અને કુંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંજના નિમાવત અને એમ.બી. દરજી અને શાળાના આચાર્ય મીનાક્ષીબેન ઉપાધ્યાય દ્વારા બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉત્કર્ષ ગુપ્તા અને વર્ષાબેન દરજી દ્વારા કરવામાં આવ્યું હતું. આશરે આ કાર્યક્રમમાં ૬૦થી પણ વધારે બાળકોએ ભાગ લીધો હતો.